બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૫ જૂન, ૨૦૦૮)

(સમય : બપોરે ૨ : ૦૦ થી ૫ : ૦૦) **સત્સંગ પ્રવીણ : પ્રશ્નપત્ર - ૨** (કુલ ગુણ : ૧૦૦)

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.**

**વિભાગ-૧ : કિશોર સત્સંગ પ્રવીણ - સાતમી આવૃત્તિ, જુલાઈ - ૨૦૦૭**

**પ્રશ્ન.૧. નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** (૯ ગુણ)

૧. ''આપ જેમ રાજી થશો તેમજ કરવું છે.'' ૧૭

૨. ''એને તમારા ધામનો અધિકારી બનાવજો.'' ૨૨

૩. ''તમે બધાએ લીંબતરુ નીચેના ઓટાને કૂતરાએ બગાડીને ગંદો કર્યો તે જોયું હતું.'' ૧૦

**પ્રશ્ન.૨. નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ ત્રણ વિષે કારણ લખો. (બારેક લીટીમાં)** (૯ ગુણ)

૧. રાજાભાઈ વ્યવહારનો સંકેલો કરી ગઢડા આવ્યા. ૬૦

૨. પરમ એકાંતિક સંતનો સમાગમ કરીને એકાંતિક ધર્મ સિદ્ધ થાય ત્યારે જ આત્યંતિક કલ્યાણ થાય. ૯૧

૩. રામબાઈએ ઘડામાંથી થોડું પાણી પીધું અને બાકીનું કૂવામાં નાંખ્યું. ૭૪

૪. સોમલા ખાચરે ગરાસની જમીન મહારાજને અર્પણ કરી. ૨૭

**પ્રશ્ન.૩. નીચેના વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** (૮ ગુણ)

૧. માનસી પૂજા (૪૩) **અથવા** ૨. સંપ્રદાયનાં તીર્થો (૨૨)

૩. અદ્ભુતાનંદ સ્વામી (૧૧) **અથવા** ૪. ભક્તરાજ મગનભાઈ (૯૪)

**પ્રશ્ન.૪. નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** (૬ ગુણ)

૧. સુરાખાચરને ભ્રષ્ટ કરવા ગણિકા કોણે મોકલી ? ૭૬

૨. કૃપાનંદ સ્વામી શા માટે જ્ઞાની થવાનું કહેતા ? ૫૪

૩. માનકૂવામાં કયા બે બ્રાહ્મણ ભક્તો રહેતા હતા ? ૮૬

૪. જેટલી આજ્ઞા પળે તેટલી શું બળે ? ૬૮

૫. વચનામૃત વિષે ગુણાતીતાનંદ સ્વામીએ શું કહ્યું છે ? ૩૩

૬. વાણિયા અચંબો પામી મહારાજને શું કહેવા લાગ્યા ? ૮૫

**પ્રશ્ન.૫.** ભગવાન જીવના ગુના..... (૮૨) - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો. અથવા** (૫ ગુણ)

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ - ૫૪ (૫૬) **નું નિરૂપણ લખો.**

**પ્રશ્ન.૬. નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ પાંચ સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો.** (૫ ગુણ)

**વિષય :- શ્રીજીમહારાજ સદા દિવ્યમૂર્તિ છે.** ૬૯, ૭૦

**૧.** તેવી ને તેવી જ અહીં પૃથ્વી પર મનુષ્ય સ્વરૂપે પણ દિવ્ય અને અનંત શક્તિ તથા ઐશ્વર્યે યુક્ત છે. **૨.** ત્રણે ગુણોથી પર છે. **૩.** જીવ, ઈશ્વર અને માયાના કારણ અને આધાર છે. **૪.** તેમની મૂર્તિને વિષે જે કાંઈ દેહભાવ જેવું જણાય છે તે તો નટની માયાના પેઠે છે. **૫.** નિરંશ, નિર્વિકારી અને કૂટસ્થ છે. **૬.** ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર બિરાજમાન છે એમ સમજવું. **૭.** નિરાકાર, એકરસ ચૈતન્ય ચિદાકાશરૂપે અનંત કોટિ બ્રહ્માંડોના આધાર છે. **૮.** ધામની મૂર્તિ અને અહીં પ્રત્યક્ષ વિચરતી મૂર્તિમાં કાંઈ ભેદ નથી. **૯.** અનંત, અમાયિક અને દિવ્યગુણોના ધારક છે. **૧૦.** અનાદિ અને નિત્ય છે.

**ફક્ત નંબર :-** ☐ ☐ ☐ ☐ ☐

**પ્રશ્ન.૭. નીચની પંક્તિ પૂર્ણ કરો.** (૮ ગુણ)

૧. કલ્પતરુ સર્વના ....... સૌથી મોટી ૧૬

૨. વળી તમારે વિષે ....... ન ભૂલીએ હરિ ૭૭

૩. વહાલા તારે જમણે ....... પ્રવીણ છે રે લોલ ૬૫

૪. કહ્યું બહુ ....... એની વાતમાં રે. ૩૯

**પ્રશ્ન.૮. નીચે આપેલાં કીર્તન / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો.** (૬ ગુણ)

૧. जनमंगलस्तोत्रम् :- ॐ अबुद्धिहृते नमः ....... ॐ उदाराय नमः । ૫૦

૨. दिव्याकृति ....... शरणं प्रपद्ये । ૨૫

૩. स्नेहातुरस्त्वथ ....... शरणं प्रपद्ये ॥ - શ્લોકનું ગુજરાતી ભાષાંતર કરો. ૨૬

(પાછળ જુઓ)

---

**પ્રતિ,**

**પરીક્ષા વ્યવસ્થાપક (તા. ૧૫ જૂન, ૨૦૦૮; પરીક્ષા : સત્સંગ પ્રવીણ-૨; માધ્યમ : ગુજરાતી; સમય : બપોરે ૨ : ૦૦ થી ૫ : ૦૦)**

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

**૬૦૨**

| | |
|---|---|
| પરીક્ષાર્થીની અટક :- | પરીક્ષા આપી તે તારીખ :- |
| પરીક્ષાર્થીનું નામ :- | પરીક્ષા આપી તે સમય :- |
| પિતા / પતિનું નામ :- | બેઠક ક્રમાંક :- ☐☐☐☐☐☐ |
| પરીક્ષા સ્થળનું નામ :- | કેન્દ્ર નંબર :- ☐☐☐☐ |
| પરીક્ષાર્થીની સહી :- | કેન્દ્રનું નામ :- |

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત વર્ગમાં હાજર રહેલા તમામ પરીક્ષાર્થીઓની હાજરીની સ્લીપો ભેગી કરીને, તેની સંખ્યા પૂર્વ કસોટીના અહેવાલમાં લખીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે.**

## વિભાગ-૨ : ગુણાતીતાનંદ સ્વામી - સાતમી આવૃત્તિ, માર્ચ - ૨૦૦૫

**પ્રશ્ન.૯. નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** (૯ ગુણ)

૧. "મોટા તો એક ખુદાતાલા છે." ૭૦

૨. "આપણે શું કરવા આવ્યા છીએ ને શું થાય છે ?" ૧૪

૩. "નિર્ગુણ બ્રહ્મ સુલભ અતિ સગુણ ન જાણે કોઈ." ૪૧

**પ્રશ્ન.૧૦. નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ ત્રણ વિષે કારણ લખો. (નવેક લીટીમાં)** (૯ ગુણ)

૧. મહારાજે પોતાનો પગ કાઢવાનું કહ્યું. ૩૦

૨. સ્વામીએ રઘુવીરજી મહારાજને તીર્થવાસી થઈ જૂનાગઢ આવવા કહ્યું. ૫૭

૩. ખંભાતના નવાબ ગુણાતીતાનંદ સ્વામીનાં દર્શને આવ્યા. ૫૮

૪. બાવાજી ગભરાઈને ચાલતા થયા. ૮

**પ્રશ્ન.૧૧. નીચેનામાંથી કોઈ પણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** (૮ ગુણ)

૧. માન અપમાન મેં એકતા (૭૬) ૨. દેહનો અનાદર (૨૪) ૩. જૂનાગઢ મંદિરની મહંતાઈ આપી (૪૧)

**પ્રશ્ન.૧૨. નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** (૬ ગુણ)

૧. ઘોડી પર પ્રવાસ કરતાં મહારાજનાં દર્શન સ્વામીએ કેવી રીતે કર્યાં ? ૩૬

૨. સ્વામીએ વેદાંતીઓને શેમાં રહીને જવાબ આપવાનું કહ્યું ? ૩૩

૩. બજારના કાંટા એટલે શું ? ૬૨

૪. ગઢડામાં મુક્તાનંદ સ્વામી શાથી વિસ્મય પામ્યા ? ૨૦

૫. કુરજી દવેને મહારાજે લોજમાં શું કહ્યું હતું ? ૪૩

૬. ગુણાતીતાનંદ સ્વામી સંતોને કયા ચાર હરિભક્તોનો સમાગમ કરવાનું કહેતા ? ૬૪

**પ્રશ્ન.૧૩. નીચેના પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ટૂંકમાં વર્ણવી ભાવાર્થ લખો. (બારેક લીટીમાં)** (૪ ગુણ)

૧. વિરક્તિ (૩૨) ૨. એક વાર મળતાં કઠણ પડ્યું (૨૪) ૩. મારું કહ્યું તો એક જોગી ફેરવી શકે (૪૮)

**પ્રશ્ન.૧૪. આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલ ચોરસ ખાનામાં ખરાની (✓) નિશાની કરો.** (૮ ગુણ)

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. સોરઠનો સત્સંગ ૭૧

(૧) ☐ ફક્ત ખીચડી જ જમતા. (૨) ☐ બળદ સ્વામીને કૃષ્ણાર્પણ કર્યો.

(૩) ☐ હું તો એમનો દાસ છું. (૪) ☐ સત્સંગી તમને શું ન અર્પણ કરે.

૨. સ્વામી ઉપશમમાં ઊતરી ગયા ૫૯-૬૦

(૧) ☐ હે રાજા રહુગણ ! તું એકોવિદ છે.

(૨) ☐ વાસુદેવચરણ સ્વામીને શાશ્વત શાંતિનો અનુભવ થયો.

(૩) ☐ સર્વોપરી પુરુષોત્તમના સ્વરૂપનું અને અક્ષરના સ્વરૂપનું જ્ઞાન પાત્ર-કુપાત્ર જોયા વગર જ કહેવા માંડ્યું.

(૪) ☐ વૃત્તિઓનો નિરોધ કરી અમને જોઈ રહો તો ગ્રંથિઓ ગળી જાય અને વાસનાનો નાશ થાય.

૩. ગુણાતીતાનંદ સ્વામીની કૃપાથી ટળેલા દોષો ૭૫, ૭૬

(૧) ☐ બ્રહ્મચારી ધર્મસ્વરૂપાનંદ (૨) ☐ પીતાંબરદાસ

(૩) ☐ કેશવપ્રસાદજી મહારાજ (૪) ☐ કૃપાનંદ સ્વામી

૪. ગુણાતીતાનંદ સ્વામીના મુખે પ્રસંગોપાત્ત બોલાયેલા શબ્દો ૭૨, ૮૦

(૧) ☐ મને રસાસ્વાદ નડતો નથી. (૨) ☐ અષ્ટાંગ યોગનું ફળ સમાધિ છે માટે જાઓ તમને સમાધિ થશે.

(૩) ☐ હું તો મહારાજનાં ચરણારવિંદ છાતીમાં લઉં છું. (૪) ☐ આ તારા ઘરમાં બેઠું છે એ જ અક્ષર છે.

**નોંધ : ઉપરોક્ત પ્રશ્નપત્રમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૩ જુલાઈ, ૨૦૦૮ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે.**

❋ ❋ ❋